
# રૂપિયામાં ઘટાડાને કાબૂમાં લેવા ઈસીબી મર્યાદામાં વધારો

## સીઆરઆર અને રેપો રેટમાં કોઈ ઘટાડો ન કરાતા નિરાશા : ઈસીબીની મર્યાદાને વધારીને ૪૦ અબજ ડોલર કરા દેવાઈ : સરકારી બોન્ડમાં એફઆઈઆઈ મર્યાદા પણ આરબીઆઈએ વધારીને ૨૦ અબજ કરી દીધી

નવી દિલ્હી,તા. ૨૫

ડોલરની સામે રૂપિયામાં ઘટાડાને રોકવા અને અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા માટે આરબીઆઈએ આજે શ્રેણીબદ્ધ પગલાની જાહેરાત કરી હતી. જો કે રૂપિયાના ઘટાડાને કાબુમાં લેવા પર જ મુખ્યરીતો ધ્યાન અપાતા શેરબજાર અને ઉદ્યોગ જગતને નિરાશા હાથ લાગી હતી. આરબીઆઈએ રૂપિયામાં ઘટાડાના દોરને રોકવા માટે એક્સટર્નલ કોમર્શિયલ બોરોઈંગ અથવા તો ઈસીબીની મર્યાદામાં ૧૦ અબજ ડોલરનો વધારો કર્યો હતો. આની મર્યાદાને વધારીને ૪૦ અબજ ડોલર કરી હતી. આ ઉપરાંત સરકારી બોન્ડમાં વિદેશી રોકાણની મર્યાદાને પણ વધારવાની જાહેરાત કરી હતી. સરકારી બોન્ડમાં વિદેશી રોકાણની મર્યાદાને ૧૫ અબડ ડોલરથી વધારીને ૨૦ અબડ ડોલર



કરવાની જાહેરાત કરી હતી. હજુ સુધી ભારતીય કોર્પોરેટ બોન્ડમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો ૨૦ અબજ ડોલર સુધીનું રોકાણ કરી શકે છે. જ્યારે સરકારી બોન્ડમાં રોકાણની મર્યાદા ૧૫ અબજ ડોલર છે. આરબીઆઈના પગલાઓની શેરબજાર અને ઉદ્યોગજગત દ્વારા ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી. રોકાણકારો અને નિષ્ણાંતો માની રહ્યા હતા કે બજારની સ્થિતીને સુધારવા માટે કેટલાક નવા નક્કર પગલા લેવામાં આવશે. રોકાણકારોને એવી પણ આશા હતી કે આરબીઆઈ કેશ રીઝર્વ રેશિયો (સીઆરઆર) તથા રેપો રેટમાં કાપ મુકશે. કેટલાક પેકેજ જાહેર કરાશે તેવી પણ અટકળો ચાલી રહી હતી. પરંતુ આરબીઆઈએ આવા કોઈ પગલા જાહેર ન કરતા ચિંતા રહી હતી. આરબીઆઈએ કેટલાક પગલાની ચોક્કસપણે જાહેરતા કરી હતી પરંતુ તમામ જાહેરાત બજારની અપેક્ષા કરતા અલગ રહી હતી. આરબીઆઈની જાહેરાતમાં સમગ્ર અર્થતંત્ર માટે કોઈ પેકેજ ન દેખાતા નિરાશા હાથ લાગી હતી. આરબીઆઈના પગલા બાદ શેરબજારમાં પણ નિરાશા રહી હતી. આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવેલા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે તમામ નિર્ણય સરકાર સાથે વાતચીત કરીને લેવામાં આવ્યા છે. આરબીઆઈએ કહ્યું છે કે સરકારી સિક્યુરિટી માટે વિદેશી રોકાણ બેઝને વધારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મેન્યુફેક્ચરિંગ અને ઈન્ફ્રાસ્ટક્ચર સેક્ટરમાં ભારતીય કંપનીને મંજૂરી આપવામાં આવી રહી છે. રીઝર્વ બેંકે સરકારી સિક્યુરિટીમાં વિદેશી રોકાણની મર્યાદાને વધારવાનો નિર્ણય કર્યો છે. તેમાં પાંચ અબજ ડોલરનો વધારો કરવામાં આવ્યો છે. આની સાથે જ જી-સિક્યુરિટીમાં એફઆઈ રોકાણની મર્યાદા ૧૫ અબજ ડોલરથી વધીને ૨૦ અબજ ડોલર થઈ ગઈ છે. આરબીઆઈએ નિવેદનમાં કહ્યું છે કે ક્વાલિફાઈડ ફોરેન ઈન્વેસ્ટર એવા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરી શકશે તે સ્કીમ ઈન્ફ્રાસટક્ચર સેક્ટરમાં ઓછામાં ઓછી ૨૫ ટકા સંપત્તિ ધરાવે છે.

# ૨૬/૧૧ હુમલામાં સામેલ ખતરનાક શખ્સની ધરપકડ

## મુંબઈ હુમલાને અંજામ આપનાર ૧૦ આતંકવાદીઓને મદદ કરી હતી અને ટાર્ગેટ શોધી કાઢવામાં ભુમિકા હતી : નવી વિગત સપાટી પર આવે તેવી વકી

નવી દિલ્હી,તા. ૨૫

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે ચોક્કસ બાતમીના આધારે આજે સવારે ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકથી ૨૬/૧૧ના એક કુખ્યાત આતંકવાદી શકમંદની ધરપકડ કરી લીધી હતી. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ



આ શકમંદ સૈયદ જાબીઉદ્દીન ઉર્ફે અબુ હમઝા તરીકે ઓળખાયો છે. સૂત્રોનું કહેવું છે કે ઘણી તપાસ સંસ્થાઓ અબુની શોધખોળ કરી રહી હતી. સ્પેશિયલ સેલ દ્વારા ૨જી જૂન ૨૦૧૨ના દિવસે તેના નામે બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કર્યો હતો. પોલીસને એવી માહિતિ મળી હતી કે અબુ ઈંદિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે આવનાર છે આ સૂચનાના આધાર પર પોલીસ ટીમે વિમાની મથકની આસપાસ જાળ બિછાવી હતી. ધરપકડ કરવામાં આવ્યા બાદ તેની ઓળખ અબુ હમઝા ઉર્ફે રિયાસત અલી તરીકે થઈ હતી. તેની પાસેથી પાકિસ્તાની પાસપોર્ટ ઉપરાંત કેટલાક દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે. ધરપકડ કરવામાં આવ્યા બાદ તીસહજારી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપીને પમી જુલાઈ સુધી રિમાન્ડ ઉપર સોંપી દેવામાં આવ્યો હતો. આ શખ્સને બિહાર, હૈદરાબાદ, કર્ણાટક અને મુંબઈ જેવા સ્થળ ઉપર લઈ જવામાં આવશે. ૨૬/૧૧ના મુંબઈના ભીષણ આતંકવાદી હુમલાને અંજામ આપનાર આતંકવાદીઓને મદદ કરવાનો તેના ઉપર સીધો આક્ષેપ મુકવામાં આવ્યો છે. ઝડપાયેલા શખ્સની આકરી પૂછપરછનો દોર શરૂ થઈ ચુક્યો છે. તેની પૂછપરછથી ઘણી નવી વિગત સપાટી ઉપર આવી શકે છે. મુંબઈમાં હુમલાને અંજામ આપનાર આતંકવાદીઓ સાથે તેના સંબંધો પણ હતા. ૨૬/૧૧ના હુમલામાં આતંકવાદીઓના હેન્ડલર તરીકે આ શખ્સે ભુમિકા ભજવી હતી. આતંકવાદી હુમલા માટે ટાર્ગેટ શોધી કાઢવામાં પણ તેની ભુમિકા હતી. એમ માનવામાં આવે છે કે તે આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુઝાહીદ્દીન અને લશ્કરે તોઈબા સાથે પણ સંબંધ ધરાવે છે. આ શકમંદ વર્ષ ૨૦૦૯થી ફરાર હતો એ વખતે તે પાકિસ્તાન ફરાર થઈ ગયો હતો. ઝડપાયેલા શખ્સના સંબંધમાં વધારે માહિતી મળી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૬/૧૧ના દિવસે ૧૦ આતંકવાદીઓએ પાકિસ્તાનથી દરિયાઈ માર્ગે મુંબઈ પહોંચી ભારે આતંક મચાવ્યો હતો. જુદી જુદી ઘણી જગ્યાઓ પર હુમલા કરવામાં આવ્યા હતા. આખરે કમાન્ડો ઓપરેશન અને સુરક્ષાદળોની કાર્યવાહીમાં નવ આતંકવાદીઓ માર્યા ગયા હતા અને એકને જીવતો ઝડપી લેવામાં આવ્યો હતો. જીવતા ઝડપાયેલા કસાબ સામે કાર્યવાહી ચાલ્યા બાદ તેને મૃત્યદંડની સજા ફટકારવવામાં આવી હતી. મુંબઈમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલામાં ૧૬૬ લોકોના મોત થયા હતા જ્યારે ૩૦૮ લોકો ઘાયલ થયા હતા. પાકિસ્તાનથી સમગ્ર ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું. જો કે સુરક્ષાદળોએ દિલધડક ઓપરેશન હાથ ધરીને આતંકવાદીને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ૨૬/૧૧ મુંબઈ હુમલાના કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો વણસી ગયા હતા અને બંને દેશો વચ્ચેના તમામ પ્રકારના સંબંધો તુટી ગયા હતા. સંબંધોને સુધારવામાં હજુ પણ સંપૂર્ણપણે સફળતા મળી નથી.

# ચાર દિવસ બાદ મહારાષ્ટ્ર મંત્રાલયમાં કામકાજ ફરી શરૂ

## મુખ્યમંત્રી ચૌવ્હાણે પ્રથમ માળે આવેલી ઓફિસથી કામ શરૂ કર્યું : ત્રણ જ મહિનામાં મંત્રાલય સંપૂર્ણ કાર્યરત થશે

મુંબઈ,તા. ૨૫

મહારાષ્ટ્ર મંત્રાલયમાં વિનાશકારી આગ ફાટી નિકળ્યાના ચાર દિવસ બાદ મંત્રાલયમાં કામકાજ ફરી વિધીવત રીતે શરૂ થઈ ચુક્યુ છે. વિનાશકારી આગમાં તેના સાત માળ પૈકીના ચારને ભારે નુકશાન થયું હતું. મહારાષ્ટ્રામાં મંત્રાલય ખાતેના અધિકારીઓએ આજે આ મુજબની માહિતી આપી હતી. સત્તાવાર સુત્રોએ કહ્યું હતું કે મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌવ્હાણ, અન્ય પ્રધાનો અને સ્ટાફે ગુરૂવારના દિવસે મહારાષ્ટ્ર મંત્રાલયમાં ફાટી નિકળેલી આગમાં માર્યા ગયેલા પાંચ લોકોને શ્રદ્ધાંજલી આપ્યા બાદ તેમનું કામ શરૂ કર્યું હતું. આગમાં માર્યા ગયેલા લોકોને દુઃખ વ્યક્ત કરતા ચવ્હાણ અને નાયબ મુખ્યમંત્રી અજીત પવારે માર્યા ગયેલા લોકોના પરિવાર પ્રત્યે સહાનુભુતી વ્યક્ત કરી હતી. ચૌવ્હાણે આરોગ્યપ્રધાન સુરેશ શેટ્ટીની પ્રથમ માળ ઉપર આવેલા ઓફિસથી પોતાનું કામ શરૂ કર્યુ હતું. જ્યારે પવારે જળસંસાધન પ્રધાન સુનિલ તત્ટકાળેની બીજા માળે આવેલી ઓફિસથી પોતાનું કામ શરૂ કર્યું હતું. ઈમારનું નિરીક્ષણ કર્યા બાદ નિષ્ણાંતોની એક ટીમે ગ્રાઉન્ડ પ્લસ છ માળના નીચેના ત્રણ માળને સુરક્ષીત હોવાની મંજુરી આપી દિધી હતી. અન્ય પ્રધાનો, ચાવીરૂપ અધિકારીઓ, અન્ય વિભાગના વડાઓ મહારાષ્ટ્ર વિધાન ભવનમાં વૈકલ્પીક ઓફિસમાંથી કામ કરશે. અથવા તો નવી જગ્યાએથી થોડાક દિવસ સુધી કામ કરશે. પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટે મંત્રાલયન નજીક એમટીએનએલ ટેલીફોન એકસચેન્જ ઈમારત ખાતે ૩૦૦૦૦ સ્કેવરફુટ અને છત્રપતી શિવાજી ટર્મીનશ નજીક જીટી હોસ્પિટલમાં ૫૯૦૦૦ સ્કેવરફુટની માંગ કરી છે. એક અપીલમાં ચૌવ્હાણ અને પવારે લોકોને મદદ કરવા અપીલ કરી છે. મુળભુત અરજીઓની નકલ ઉપલબ્ધ કરાવવા સુચના આપવામાં આવી છે. મંત્રાલય આગામી ત્રણ મહિનાની અંદર સંપૂર્ણ પણ ફરી કાર્યરત થઈ જશે. પીડબલ્યુડી પ્રધાન છગન ભુજબળ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં આ મુજબની વાત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુરૂવારે વિનાશક આગ ફાટી નીકળી હતી. આ આગમાં પ્રાચીન ઈમારતને ભારે નુકશાન થયું હતું. ૨૭ કલાક બાદ આગ ઉપર કાબુ મેળવવામાં સફળતા મળી હતી.

# ઉત્તર પ્રદેશમાં બસ દુર્ઘટનામાં ૧૫ શ્રદ્ધાળુનાં કરૂણ મોત થયાં

## અકસ્માતમાં ૧૪નાં ઘટનાસ્થળે જ મોત : મોડી રાત્રે હરિદ્વારથી પરત ફરતી બસ વૃક્ષ સાથે ટકરાઈ જતાં અકસ્માત : ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા

લખનૌ,તા. ૨૫


ઉત્તર પ્રદેશના જેપી નગરમાં રવિવારે મોડી રાત્રે એક બસ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૧૫ લોકોના મોત થયા છે અને અન્ય અનેક લોકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલા લોકો પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મૃત્યઆંક વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મળેલી માહિતી મુજબ હરિદ્વારથી બાળકોની મૂડન સંસ્કારની વિધિ કરાવ્યા બાદ શ્રદ્ધાળુઓને લઈને બસ પરત ફરી રહી હતી ત્યારે મોડીરાત્રે ૨ વાગે જોયાની નજીક આ બસ એક વૃક્ષ સાથે ટકરાઈ ગઈ હતી જેથી બસમા મુસાફરી કરી રહેલા ૧૪ લોકોના ઘટના સ્થળેજ મોત થઈ ગયા હતા. અન્ય એકનું મોત મોરાદાબાદની હોસ્પિટલમાં થયું હતું. ભીમનગરના પોલીસ સ્ટેશન રજપુરાના ગામ કમાલપુરાથી આશરે ૨ ડઝન જેટલા લોકો રવિવારે એક બાળકની મુંડન વિધિમાં ભાગ લઈને ખાનગી બસથી હરિદ્વાર ગયા હતા. પરત ફરતીવેળા રાત્રે ૨ વાગે જ્યારે બસ જેપી નગરના જોયામાં જુના પોલીસ સ્ટેશનની નજીક પહોંચી હતી ત્યારે જ ડ્રાઈવરે કાબુ ગુમાવી દીધો હતો. જેથી બસ નિયંત્રણ બહાર થતા વૃક્ષ સાથે ટકરાઈ ગઈ હતી. આમા ૧૪ લોકોના મોત ઘટનાસ્થળે જ થઈ ગયા હતા. બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઘાયલોને તરત જ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.


# ભારે વરસાદથી અમરનાથમાં હજારો શ્રદ્ધાળુઓ ફસાઈ ગયા

## દુમેલમાં ૧૦,૦૦૦ શ્રદ્ધાળુઓને રોકી દેવાયા : પહેલગામ બેઝ કેમ્પથી ૨૫૦૦ જેટલા શ્રદ્ધાળુઓ ગુફા તરફ રવાના

શ્રીનગર,તા. ૨૫

ઉત્તર કાશ્મીરના બાલતાલ બેઝકેમ્પથી શ્રદ્ધાળુઓની અવરજવરને આખરે રોકી દેવામાં આવી છે. અમરનાથ તરફ શ્રદ્ધાળુઓની આગેકૂચ રોકવા માટે તંત્રને ફરજ પડી છે. કારણ કે આ માર્ગ ઉપર ભારે વરસાદ થયો છે. બાલતાલથી ફોન પર અર્ધલશ્કરી સીઆરપીએફના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે આશરે ૧૦,૦૦૦ જેટલા શ્રદ્ધાળુઓ બાલતાલ બેઝકેમ્પથી આશરે ત્રણ કિલોમીટરના અંતરે સ્થિત દુમેલ ખાતે અટવાયા છે. કારણ કે બેઝકેમ્પથી પવિત્ર ગુફા તરફ જતાં ૧૪ કિલોમીટર લાંબા માર્ગ ઉપર ભારે વરસાદ પડી રહ્યો છે. ભારે વરસાદના પરિણામ સ્વરૂપે તંત્રએ સાવચેતીના પગલાંરૂપે શ્રદ્ધાળુઓને આગળ વધવાની મંજૂરી આપી નથી. જો કે આ અધિકારીનું કહેવું છે કે આશરે ૬૦ જેટલા શ્રદ્ધાળુઓએ હેલિકોપ્ટર સેવાઓનો ઉપયોગ કરીને આજે સવારમાં પવિત્ર ગુફા પહોંચી ગયા હતા.





બાલતાલમાં શ્રદ્ધાળુઓ માટે હેલિકોપ્ટરની સેવા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. ગઈકાલે અમરનાથ યાત્રા પરંપરાગત રીતે શરૂ થઈ હતી. સોમવારે સવારે દક્ષિણ કાશ્મીરના પહલગામ બેઝકેમ્પથી અમરનાથ ગુફા તરફ આગળ વધવા ૨૫૦૦ શ્રદ્ધાળુઓને લીલીઝંડી આપવામાં આવી હતી. ગુફા પર પહોંચવા ચાર દિવસનો સમય લાગે તેવા પહેલગામ ટ્રેકનો ઉપયોગ પણ ઘણા શ્રદ્ધાળુઓ કરી રહ્યા છે. જ્યારે ગુફામાં દર્શન કર્યા બાદ એ જ દિવસે પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓ દ્વારા બાલતાલ રૂટનો ઉપયોગ કરાઈ રહ્યો છે. રાજ્યના રાજ્યપાલ અને શ્રીઅમરનાથ શ્રાઈન બોર્ડના ચેરમેન એન એન વોરાએ આજે સવારે ગુફાની અંદર પરંપરાગત પૂજા કરી હતી. વોરા યાત્રાના સંચાલન ઉપર પોતે નજર રાખી રહ્યા છે.

# કરદાતાઓને મદદરૂપ થવા હવે ટેક્સ કિઓક્સ સ્થપાશે

મુંબઈ, તા. ૨૫

ઈન્કમટેક્ષ વિભાગે પ્રથમ વખત નિવાસી વિસ્તારો અને લોકાલીટીમાં સ્પેશિયલ ટેક્સ કિયોક્સ સ્થાપતિ કરવાનો નિર્ણય કર્યો છે. આગામી ટેક્સ રીટર્ન ફાઈલ કરવાની સીઝનની શરૂઆત થતાં પહેલા કરદાતા સંબંધીત સર્વિસ વધુ સરળ રીતી ઉપલબ્ધ કરવાવના હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. આવકવેરા વિભાગના આ નિર્ણયને ખુબજ મહત્વપુર્ણ અને ઉપયોગી તરીકે ગણવામાં આવે છે આ પહેલથી કરદાતાઓને રીટર્ન ભરવા, રિફન્ડ અંગે માહિતી મેળવવા અને નવેસરથી પાનકાર્ડ માટે અરજી કરવા આઈટી ઓફિસમાં અથવા તો અન્ય ખાસ કેમ્પમાં જવાની જરૂર પડશે નહીં. કરદાતાઓનો કિંમતી સમય આના લિધે બચી જશે. વિભાગે નાનકડા શહેરોમાં મોબાઈલ વાન શરૂ કરવાની પણ શરૂઆત કરવામાં આવી છે. મોબાઈલ વાન દોડાવવા અને મોબાઈલ સ્ટેશન શરૂ કરવાનો પણ નિર્ણય કરાયો છે. આઈટી દ્વારા ટ્રેનિંગ પામેલા કર્મચારીઓને ગોઠવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે આઈટી રીટર્ન ભરવાની સમય મર્યાદા ૩૧મી જુલાઈના અનુસંધાનમાં તેમની જવાબદારી અદાકારવા કરદાતાઓને નાના શહેરોમાં મોબાઈલ વાન અને ત્યાં ગોઠવવામાં આવેલા કર્મચારીઓ મદદ કરશે. નાણાંમંત્રી પ્રણવ મુખર્જીએ હાલમાં જ આઈટીના ટોચના અધીકારીઓ સાથે વાતચીત કરી હતી. કરદાતાઓના કલ્યાણ માટે જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આઈટી વિભાગના ટોચના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું હતું કે વિભાગે ગયાવર્ષે આ સંબંધિત એક પાયલોટ પ્રોજેક્ટ કાથ ધર્યો હતો. આ વર્ષે આ યોજનાને અમલી બનાવવામાં આવશે. દેશભરમાં આ વર્ષે યોજના અમલી બનશે. દેશના જુદા જુદા શહેરોને વિભાગો રેસીડેન્ટ વેલફેર એસોસીએશન અને અન્ય સંસ્થાઓ સાથે વાતચીત કરશે. એપાર્ટમેન્ટ બ્લોગ ખાતે આવા કામચલાઉ કિઓક્સ સ્થાપીત કરવા માટે વાતચીત કરવામાં આવશે. નાના શહેરોમાં મોબાઈલ વાન પગારદાર અને નાના કરદાતાઓ માટે સિંગલ વિન્ડો તરીકે કામ કરશે. મેટ્રો અને અન્ય મોટા શહેરોમાં ટેક્સ કિઓક્સ હશે. વાન અને કિઓક્સ એક બે દિવસ માટે એક સ્થળ ઉપર ગોઠવવામાં આવશે. અહીં કુશળ ટેક્સ રીટર્ન પ્રેપયર્સ (ટીઆરપીએસ) હશે. જે રીટર્ન ભરવામાં કરદાતાઓની મદદ કરશે.

# આરબીઆઈનાં પગલા છતાંય શેરબજારમાં ભારે નિરાશા રહી

મુંબઈ,તા. ૨૫

રીઝર્વ બેન્ક દ્વારા રૂપિયામાં નવા પ્રાણ ફુંકવા લેવામાં આવેલા શ્રેણીબદ્ધ પગલા છતાં શેરબજારમાં આજે તેજી પરત ફરી ન હતી. કારોબારના અંતે મંદી રહી હતી. આરબીઆઈ દ્વારા પગલાની જાહેરાત કરવામાં આવ્યા બાદ શેરબજારમાં નકારાત્મક મોજુ ફરી વળ્યુ હતું. કારોબારના અંતે સેનસેક્સ ૯૦ ઘટીને ૧૬૮૮૨ની નીચી સપાટીએ રહ્યા હતો. સેનસેક્સે ફરી એકવાર ૧૭૦૦૦ની સપટાડી ગુમાવી દિધી હતી. એક વખતે શેરબજારમાં બપોરના કારોબાર સુધી તેજી રહી હતી. આરબીઆઈએ

વિદેશી વાણિજ્ય લોન માટેની મર્યાદાને વધારવા સહિત શ્રેણીબદ્ધ પગલાં જાહેર કર્યા હતા. સેનસેક્સ એક વખતે ઈન્ટ્રાડે દરમિયાન ૧૭૧૩૧ની સપાટીએ પહોંચ્યો હતો જ્યારે ઈન્ટ્રાડે દરમિયાન જ ૧૬૯૨૮ની નીચી સપાટીએ પણ પહોંચ્યો હતો. આઈટી ઈન્ડેક્ષમાં ૩૫ પોઈન્ટ અને બેન્કીગ ઈન્ડેક્ષમાં ૬૭ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. સેનસેક્સના જે શેરોમાં આજે સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. તેમાં હિન્ડાલ્કોમાં ૨.૬૪ ટકા, હિરો મોટો કોર્પમાં ૧.૮૯ ટકા, ઓએનજીસીમાં ૧.૬૫ ટકા, સીપલામાં ૧.૬૪ ટકા અને ટીસીએસમાં ૧.૪૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો. સેનસેક્સના કેટલાક શેરમાં તેજી પણ જોવા મળી હતી જેમાં મારૂતી સુઝુકીમાં ૧.૬૦ ટકા, તાતા પાવરમાં ૦.૮૫ ટકા, ગેઈલ ઈન્ડિયામાં ૦.૭૦ ટકાનો સુધારો થયો હતો. આજે કારોબાર દરમિયાન સ્થિતી સારી રહ્યાની અપેક્ષા હતી પરંતુ આરબીઆઈના પગલા બાદ મંદીનું મોજુ ફરી વળ્યું હતું. એશિયન બજારમાં પણ નબળાઈ રહી હતી. આરબીઆઈના પગલામાં સમગ્ર અર્થતંત્ર માટે કોઈ પગલા જાહેર ન થતા નિરાશાનું મોજુ ફરી વળ્યું હતું. સેક્ટરલ ઈન્ડેક્ષમાં મિશ્ર સ્થિતી રહી હતી. બીએસઈ બેન્કીક્સ ઈન્ડેક્ષમાં સૌથી વધુ ૧ ટકાનો અથવા તો ૧૧૮ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. આવી જ રીતે પાવર, પીએસયુ, મેટલ, રીયાલીટી, આઈટી, ઓટો, હેલ્થકેર અને કેપીટલ ગુડ્સમાં મંદી રહી હતી.

# પેનલ્ટી શૂટઆઉટમાં ઈંગ્લેન્ડ પર ઈટાલીની અતિ રોચક જીત

કિવ,તા. ૨૫

યૂરોપિયન ચેમ્પિયનશીપની અંતિમ ક્વાર્ટર ફાઈનલ મેચમાં પેનલ્ટી શૂટઆઉટમાં ઈટાલીએ ઈંગ્લેન્ડ ઉપર જીત મેળવીને સેમી ફાઈનલમાં પ્રવેશ કરવામાં સફળતા મેળવી લીધી હતી. આની સાથે જ ઈંગ્લેન્ડની યૂરોપિયન ચેમ્પિયનશીપમાંથી હવે બાદબાકી થઈ ગઈ છે. અંતિમ ક્વાર્ટર ફાઈનલ મેચમાં વર્ષ ૧૯૬૮માં ચેમ્પિયન બનેલી ઈટાલીની ટીમે પેનલ્ટી શૂટઆઉટમાં શાનદાર દેખાવ કર્યો હતો. ઈટાલી હવે સેમી ફાનલમાં જર્મની સામે ટકરાશે. ઈટાલીએ પેનલ્ટી શૂટઆઉટમાં ઈંગ્લેન્ડ પર ૪-૨થી જીત મેળવી હતી. અનુભવી ખેલાડીઓ સાથે સજેલી વર્ષ ૨૦૦૨ની રનર્સઅપ ટીમ ઈટાલી તરફથી પેનલ્ટી શૂટઆઉટમાં વિજય ગોલ દિયામાનતીએ કર્યો હતો. આની સાથે જ પોર્ટુગલ, જર્મની, સ્પેન બાદ ઈટાલી પણ સેમી ફાઈનલમાં પહોચી ગયું છે. કિવમાં રમાયેલી અતિ રોમાંચક મેચમાં નિર્ધારિત ૯૦ મિનિટ સુધી કોઈપણ ટીમ ગોલ કરવામાં સફળ રહી ન હતી. વધારાના સમયમાં પણ બંને ટીમો ગોલ કરી શકી ન હતી. ત્યારબાદ નિર્ણય ઉપર પહોંચવા માટે પેનલ્ટી શૂટઆઉટની મદદ લેવામાં આવી હતી. જેમાં ઈટાલીએ બાજી મારી દીધી હતી. પેનલ્ટી શૂટઆઉટમાં ઈટાલી તરફથી મારિઓ બાલોટેલી, એન્ડ્રીયા પિરલો, એન્ટોનિઓ, નોસેરિનો અને દિયામાનતીએ ગોલ કર્યા હતા. જ્યારે ઈંગ્લેન્ડ તરફથી સ્ટીવન ગેરાર્ડ અને વાઈનેરૂનીએ ગોલ કર્યા હતા. આ હારની સાથે જ ગ્રૂપ સ્તરમાં બે મેચ જીતનાર ઈંગ્લેન્ડની ટીમ ટૂર્નામેન્ટથી બહાર થઈ ગઈ છે.

# મોંઘેરાં મોતી

● અનુસંધાન ચોથાનું ચાલુ

પ્રતાપભાઈએ પિતાશ્રીના જમાનાથી ફોટોગ્રાફી અને વિવિધ વિષયોના અનેક પુસ્તકો ભેગાં કર્યાં હતા. જેમાંના કેટલાંક તો અલભ્ય હતાં. વિશ્વભરમાં ડૉ. પ્રતાપભાઈના સ્લાઈડ / ફોટોગ્રાફ / પુસ્તકોની મહેક પ્રસરી હતી. ભારત અને વિશ્વના અનેક દેશોના અભ્યાસી / વિદ્યાર્થી / સ્કૉલર તેઓ પાસે આવતાં હતા અને સ્નેહથી પોતાનો ખજાનો જોવા / અભ્યાસ કરવા આપતા હતા. પોતાના અનુભવ તથા પોતાની જાણગારી સમજાવતા. એમની મદદથી ઘણા જણાએ આ વિષયમાં **Ph.D** કર્યું હતું.

ડૉ. પ્રતાપભાઈ કટ્ેચા જાહેરાતથી દૂર રહેતા હતા. પોતાની સાધના અથવા પોતાની પાસે રહેલ અગણિત સ્લાઈડના ખજાનાની વાતો કરતા ફરતા ન હતા. એમની ફોટોગ્રાફી ઉપરનું જ્ઞાન ઘણું ઉચ્ચ કોટીનું હતું. ફ્લૅશ વગર તથા સ્ટેન્ડનો ઉપયોગ કર્યા વગર એમણે ફોટોગ્રાફી કરી હતી. દરેક સ્થળ / પ્રતિમાજી / ઈમારત અંગે ઊંડો અભ્યાસ કર્યો હતો. સ્લાઈડ બતાવતી વખતે તે કૃતિની રસપ્રદ માહિતી તેઓ આપતા હતા. અને જોનાર એમાં લીન થઈ જતાં હતા.

વગર જાહેરાતે તેઓએ ૧૫૦૦થી વધુ સ્લાઈડ શૉ કર્યા છે. તેઓ મોટો સમય રાજકોટ રહેતા હતા. પોતાની સાધના પાછળ ડૉ. કટ્ેચાએ ખર્ચ કરેલા સમય અને નાણાંની તો ગણતરી જ થઈ શકે તેમ નથી. અને આ બધો ખર્ચ પોતાની સ્વ કમાણીથી કમાયેલી શુભલક્ષ્મીથી કર્યો હતો. એમનાં નાના પુત્ર અને બીજી પેઢીએ દાંતના ડૉકટરનો વ્યવસાય ચાલુ રાખ્યો છે અને વિલેપાર્લે (પશ્ચિમ) માં રહે છે.

યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં નૉર્થ કૅરોલીનાની અમેરિકન બાયોગ્રાફીકલ સંસ્થા દ્વારા દર ૫ વર્ષે પછી બહાર પડતી ઈન્ટરનેશનલ ડાયરેકટરીમાં આખી દુનિયામાંથી ફક્ત ૫૦૦ વ્યક્તિઓને પસંદ કરી તેઓએ જીવન દરમિયાન જે કાર્ય કર્યું હોય તેની નોંધ લઈ તેમાં સમાવેશ કરી બહુમાન કર્યું. જીવન દરમિયાન એક ડૉકટર તરીકે જે સેવા અને કાર્ય કરે છે તે અને ફોટોગ્રાફીમાં ભારતવર્ષમાં આવેલ અપ્રાપ્ય અને દુર્લભ વસ્તુઓનું Documentation કર્યું છે અને સમાજમાં એ પહોંચાડવા માટે કોઈની પણ મદદ વગર ભગીરથ કાર્ય કર્યું હતું. તેની નોંધ લેવાઈ છે અને આ રીતે ડૉ. પ્રતાપભાઈ કટ્ેચાનું આંતરાષ્ટ્રીય બહુમાન થયેલ છે.

એમનો સ્નેહ આજે પણ ભીંજવી જાય છે. અમરનાથજી યાત્રાનો સ્લાઈડ શૉ જોવાનું સદ્ભાગ્ય મને મળ્યું હતું. એ સુવર્ણ ક્ષણો ભૂલાઈ નથી. ૭૭ વર્ષની વયે એમનું ટૂંકી બિમારીને લીધે નિધન થયું હતું.

દિગ્ગજ તસ્વીરકારને શત્ શત્ વંદન.

**'શ્રી પવન તનય, ૩ - વિમલનગર, યુનિ.રોડ, રાજકોટ-૫'**

**મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨**